સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

તાવ-શરદી-ઉધરસની ટેવ પડી ગઈ છે!
લોકોને ઘરમાં રહેવાની ટેવ પડી ગઈ છે!
શ્વાસ તો મૂંઝાય છે સૌનો એ કંઈ કોરોના નથી -
લોકોને ફરિયાદી થવાની ટેવ પડી ગઈ છે!
('કોરોના' સાથે જીવવાની આદત પાડો)

હાઈકુ

પાડી લ્યો ટેવ!
દવાથી જીવવાની -
કોરોના સાથે...

વિના કારણ
લોકોને - મરવાની
પડી છે ટેવ!!
(સરકારો બિચારી 'સત્તા' સાચવે કે તમને?!)

ચિંતન

મુક્તિમ્ ઈચ્છસિ ચેત્ તાત વિષયાન્ વિષવત્ ત્યજ ।
ક્ષમા આર્જવ દયા તોષ સત્યં પીયૂષવત્ ભજ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

હે વત્સ! તું મુક્તિ ઈચ્છતો હો તો વિષયોને વિષની માફક છોડી દે, અને ક્ષમા આર્જવ, દયા, સંતોષ અને સત્યનું અમૃતની જેમ સેવન કર.

અષ્ટાવક્ર મોક્ષ માટે શું જરૂરી છે અને શું નથી તે કહે છે. ઈન્દ્રિયોને વિષયો છોડવાનું કહે છે અને ક્ષમા - આર્જવ-દયા-સંતોષ-સત્યને સ્વીકારવાનું કહે છે, વિષ-ઝેર તો એક જ વખત મારી નાખે છે પરંતુ વિષય તો માર્યા જ કરે છે. વિષયો, ઈચ્છાઓ તો ચાળણીનાં કાણાં જેવા છે. તેમાંથી આપણી ઊર્જા અને આત્મા બંને સતત બહાર વહી જાય છે. છેવટે દેહરૂપી ઘર ખાલી થઈ જાય છે. ત્યારે આપણે તેને મૃતદેહ કહીએ છીએ. જીવ સદા બહારના સંસારને જ જુએ છે, અંતરાત્માને નહીં. વિષયોની ઈચ્છા માણસને બહિર્મુખ બનાવે છે. અને પછી માણસ તે વિષ વડે જીવતાં જ મહેલો લાગે છે.

સુવિચાર

- નાટકમાં સૌથી અઘરું પાત્ર મૂર્ખનું હોય છે અને તે પાત્ર ભજવનાર ખૂબ જ હોંશિયાર હોય છે - **કિશ્નકાંત ઉનડકટ**
- બદલ ગઈ હૈ કુછ ઐસી હવા જમાને કી, કિ આમ હો ગઈ આદત નજર ચુરાને કી, યે બાક કાશ સમજતે સભી ચમનવાલે, ચમન લૂટાં તો નહીં ખૈર આલિશાને કી - **નજીર સિદ્દિકી**
- વ્હેંચાતા વ્હેંચાતા છેલ્લે 'હું' (અહમ્) જ વધ્યો... એ કોઈને ના લીધો, કેમ કે એ બધા પાસે હતો - **એસ. ભટ્ટાચાર્ય**
- જે દિવસે જવાનું છે ત્યારે બધું મૂકીને જ જવાનું છે, તો અત્યારથી જ ગુસ્સો, નફરત, અભિમાન મુકીને જીવી લઈએ - **ઓશો**
- થાય છે ભૂલ, અહીં દરેકથી... પણ અમુક જાણતા નથી તો અમુક માનતા નથી - **જીવન પાથેય**
- જીભને 'સોનેટાઈઝ' કરીને 'ક્વોરન્ટાઈન કરી દ્યો... સંબંધોમાં પ્રસરતો કોરોના વાઈરસ અટકી જશે' - **કાજલ ઓઝા વૈદ્ય**
- આજનું ઔષધ : કંટોલાનો પાઉડર બનાવી શકાય છે. તેને અડધી ચમચી મધમાં મિક્સ કરી સવાર-બપોર-સાંજ ખાવાથી હરસ-મસામાં ફાયદો થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

જર્મનની દંતકથા પ્રમાણે એક માણસ ઉપર ભગવાન પ્રસન્ન થયા. એ યુવાનને ભગવાને કહ્યું, 'તું માગ, શું આપું?' યુવાને કહ્યું, 'ભગવાન, મને એવું વરદાન આપો કે આજ સુધીમાં તમે કોઈને ન આપ્યું હોય, કોઈએ માગ્યું ન હોય' ભગવાને કહ્યું, 'તું ગમે ત્યાં જઈશ,તારા શરીરની છાયા, પડછાયો નહીં પડે. આવું ભૂત, પ્રેત અને દેવતાઓને સ્વાભાવિક છે પણ તને મારું આ વરદાન છે કે તું પ્રકાશમાં ચાલે, તડકામાં ચાલે, તારો પડછાયો નહીં પડે.' યુવાન ખૂબ રાજી થયો. એને એમ હતું કે હવે મારો મહિમા ખૂભ વધી જશે.' એ યુવાન બજારમાં નીકળ્યો તો લોકો એનાથી ડરીને દૂર જવા લાગ્યા. વેપારીએ એને દુકાનમાં આવવા ન દીધો. બધાને લાગ્યું કે આ ભૂત છે, ઘરે ગયો તો પત્નીએ બારણાં બંધ કરી દીધાં. તેના બાળકો રડવા માંડ્યા કે આ મારા પિતા નથી. ચોવીસ કલાકમાં વરદાન શ્રાપ થઈ ગયો. કોઈ ઘરમાં આવવા દે નહિ. લોકોએ કહ્યું, 'તમે જે હો એ મુબારક, પણ આવું તો શું કરીને આવ્યા? પડછાયો ખોઈ નાખ્યો?' સાર એ છે કે જેની છાયા ખોવાઈ જાય,એનું જો જીવન આકરું બને, ત્યારે આપણી તો છાયા જ રહી છે. આત્મા ખોવાઈ ગયો છે. આપણે તો પડછાયો પણ આત્મતત્વ ખોવાઈ ગયું છે. આપણી તો દશા પ્રેત કરતા પણ ખરાબ છે.

પ્રજામત રાષ્ટ્રીય મહાપ્રવાહ સાથે

તંત્રીસ્થાનેથી...

જમ્મુ અને કાશ્મીર રાજયનો અલગ દરજ્જો અને ધ્વજ નાબૂદ કરી કેન્દ્ર સરકારે ઐતિહાસિક પગલું ભર્યું હતું. આ સરહદી રાજયને ભારતના બંધારણમાં આમેજ કરાયેલ ૩૭૦મી કલમ અન્વયે દેશનાં બીજા રાજયો કરતાં વધુ અધિકારો મળેલાં હતા. ભારતીય જનતા પાર્ટી શરૂથી જ આ વિશેષાધિકારો નાબૂદ કરી જમ્મુ અને કાશ્મીરને રાષ્ટ્રી મહાપ્રવાહમાં જોડવા કૃતસંકલ્પ હતી. એ સંકલ્પ મોદીના શાસનમાં પહેલાં પાંચ વર્ષો દરમિયાન અમલી ન બની શક્યો, બલકે એ સમયગાળા દરમિયાન કેસરાયા પાર્ટીએ જમ્મુ અને કાશ્મીરની જ લોકપ્રિય પ્રાદેશિક પાર્ટી પીડીપી સાથે ગઠબંધન સરકાર બનાવી જેમાં મહેબૂબા મુફતીને મુખ્યમંત્રી તરીકે અને ભાજપના પ્રતિનિધિને ઉપમુખ્યમંત્રી તરીકેનું સ્થાન સાંપડ્યું હતું. સૈદ્ધાંતિક બાબતોમાં વાંકું પડતા મહેબૂબાએ રાજીનામું આપવું પડ્યું હતું અને એ પછી ત્યાં રાજયપાલનું શાસન ચાલતુ હતું. ગત વર્ષે એક આયોજનબદ્ધ કાર્યવાહી કરી ત્વરિત નિર્ણય કરાયો અને જમ્મુ અને કાશ્મીરને ત્રણ વિભાગોમાં વહેંચી દેવાયું. ૩૭૦મી કલમ રદ કરાઈ એની સાથે જ કાશ્મીર ખીણના નેતાઓને અલગ અલગ જગ્યાએ નજરકેદ કરી દેવાયા હતા. પ્રજાને ઉશ્કેરીને તથા અલગતાવાદી તત્ત્વોનો સાથ લઈને ખીણમાં અરાજકતા ન ફેલાવે એ હેતુસર આ નેતાઓને વિશેષ કાનૂન હેઠળ લાંબા સમય સુધી આરામદાયક 'રાજકીય કેદ' કરાઈ હતી. આખું વરસ જમ્મુ અને કાશ્મીરમાં કઠોર નિયંત્રણો લદાયાં હતા. ઈન્ટરનેટ બંધ કરાયું હતું અને મોડું મોડું ચાલું કરાયું ત્યારે પણ 'ર-જી' સુધી મર્યાદિત રખાયું છે. છેક યુનાઈટેડ નેશન્સ સુધી બુમરાણ મરાચવનાર પાકિસ્તાન કે ચીનનાં હવાતિયાં પછી પણ ભારત સરકારે નમતું ન જ આપ્યું બલકે દુનિયાના મોટા ભાગનાં દેશોએ એને ભારતની અંગત બાબત ગણી એમાં ચંચુપાત કરવાથી દૂર રહેવાનું પસંદ કર્યું એ મોદીની વિદેશનીતિની કરિશ્મા જ ગણવી રહી. ખુદ ઈસ્લામિક રાષ્ટ્રો પૈકીના મોટા ભાગના દેશોએ એ પ્રશ્નમાં માથું નહીં મારવાનું જ શ્રેયસ્કર માન્યું. એથી ધીરે ધીરે કાશ્મીરી નેતાઓને મુક્ત કરવાની કાર્યવાહી હાથ ધરાઈ જેમાં સૌથી છેલ્લે કટ્ટરવાદી ગણાતાં અને ભાજપ સાથે એક સમયનાં ગઠબંધન સરકાર ચલાવનારાં પીડીપીના સર્વેસર્વા મહેબૂબા મુફતીને પણ છોડી મૂકવામાં આવ્યાં. મહેબૂબાની મુક્તિ પછી બધા કાશ્મીર ખીણના નેતાઓએ એમની પ્રતિસ્પર્ધી પાર્ટી નેશનલ કોન્ફરંસના મોવડી અને પૂર્વ મુખ્યમંત્રી ડૉ. ફારુખ અબ્દુલ્લાના ગુપકર માર્ગ પર સ્થિત નિવાસસ્થાને બેઠક કરીને જે ઠરાવ કર્યો એને 'ગુપકર ડિકલેરેશન' તરીકે ઓળખાવાય છે. જમ્મુ અને કાશ્મીરને એનું જૂનું સ્ટેટ્સ પાછું અપાવવા અને ૩૭૦મી કલમ પુનર્જીવિત કરવાના સંકલ્પ સાથે રચાયેલ સાત સ્થાનિક પાર્ટીઓને 'પીપલ્સ અલાયંસ' જેવું નામ અપાયું છે. જેના અધ્યક્ષ તરીકે વયોવૃદ્ધ ડૉ. ફારુક અબદુલ્લા નિમાયા છે અને ઉપાધ્યક્ષ તરીકે મહેબૂબાએ જાહેર કર્યું છે કે તેઓ જયાં સુધી જમ્મુ અને કાશ્મીરનો રદ કરાયેલ ધ્વજ પુનઃસ્થાપિત નહીં થાય ત્યાં સુધી ભારતનો તિરંગો ફરકાવશે નહીં. ડૉ. ફારુખ અબ્દુલ્લાને ચોખવટ કરવી પડી છે કે એમના પ્રમુખપણા હેઠળ રચાયેલ નવું રાજકીય સંગઠન ભારતીય જનતા પાર્ટીની વિરુદ્ધ છે પણ રાષ્ટ્રવિરોધી નથી. પ્રશ્ન હવે પ્રજામતનો આવી પડશે. પ્રજાએ સેનાના લોખંડી પંજા હેઠળ પ્રતિકાર નથી કર્યો - એવો કાશ્મીરી નેતાઓના અભિપ્રાયનો ચૂંટણી થતાં જ ફિયાસ્કો થવાની સંભાવના છે. કાશ્મીરને બે મુખ્ય રાજકીય પરિવારોએ બાપદાદાની જાગીર સમજીને લૂંટયા કર્યું હતું તે હાલના રાષ્ટ્રપતિ શાસન દરમિયાન થઈ રહેલાં વિકાસ કાર્યોથી સાબિત થઈ ગયું છે. દેશનાં અન્ય રાજયો સાથે 'ઍટ પાર' રહેવામાં જ નવી પેઢીનું કલ્યાણ છે, એટલું તો અગાઉ ચડવણીમાં આવીને પથ્થરબાજી કરનારા યુવાનો પણ સમજી ગયા છે.

કોરોના કરતા, કોરોનાનો ભય વધારે ખરાબ છે

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

(ભગવાન કોરોના સારી રીતે થઈ જવા દે એટલે ગંગા નાહ્યા)

(કોરોના થઈ ગયા પછી આઝાદ પંખીની જેમ ઉડવાનું?)

(કોરોના વાયરસની ભક્તિ કરવી પડે? ભગવાન ઉપર શ્રધ્ધા નથી?

- કોરોના વધે કે ઘટે પણ આ ચાર મિત્રો ભેગા થાય, થાય ને થા જ... ડાહ્યાલાલ, ગાંડાલાલ અને વિપુલ, નિલેશ ચારે જણા ભેગા થાય ને વાતો કરે. આજે નવમી જગ્યા ઉપર રાત્રીના ૧૦ વાગ્યા પણ ગાંડાલાલ દેખાયા નહિં? ત્રણે જતાંને ચિંતા થવા લાગી કેમ ભાઈ કેમ ગાંડાલાલ દેખાતા નથી? ડાહ્યાલાલે ફોન ગાંડાલાલને કર્યો, ભાઈ, કેમ દેખાતા નથી, શુ થયું, કંઈક ખરાબ લાગ્યું છે. ગાંડાલાલે કહ્યું કે, હું ભાઈ એટલા માટે નથી દેખાતો કે મને કોરોના થયો છે. આજે સાતમો દિવસ છે. સરકારના કાયદા મુજબ ઘરની બહાર નહીં જવાનું એટલે બહાર નથી જવાનું. ડાહ્યાભાઈથી સહેવાયું નહીં એમણે કહ્યું. ભાઈ આવું ચાલે ના, મિત્રોને તો ખબર હોવી જોઈએ. ગાંડાલાલ ને કોરોના થાય અને ડાહ્યાલાલને ખબર ન હોય તેવું કેવી રીતે બને?

- ગાંડાલાલે કોની ઉપરવ વાત શરૂ કરી સાંભળો. ડાહ્યાલાલ સાત દિવસ પહેલાં પત્ની એક દુકાનમાં ખરીદી કરવા ગયેલા ત્યાં ભીડ વધારે હતી. થોડીકવારમાં કામ પતાવીને દુકાનની બહાર નીકળી ગયા. પછી શાકભાજી લઈને બહાર આવી ગયા. ઘરે આવ્યા પછી બીજા દિવસે તાવ આવ્યો. તાવના લગતા બધા ટેસ્ટ કરાવ્યા અને પછી ડૉકટરના કહ્યા પ્રમાણે કોરોનાનો પીસીઆર કોરોના પણ કરાવી લીધા. બધા જ ટેસ્ટ બરાબર આવ્યા પણ કોરોનાના આરટીપીસીસીઆર પોઝીટીવ આવયો. જેની વેલ્યુહતી ૧૮. એટલે વધારે પોઝીટીવ કહેવાય. પોઝીટીવ વધારે એટલે વધારે ખરાબ કહેવાય. તેમને દવા શરૂ કરી. ગાંડાલાલે કહ્યું, મને કંઈ પણ તકલીફ ન હતી એટલે મેં કંઈ પણ કરાવ્યુ નહીં. પણ રાતના ગળામાં જરા દુખતું હોય તેવું લાગ્યું એ મેં જાતે જ ટેસ્ટ કરવાની નક્કી કર્યું. તાવ નથી, ગળામાં તકલીફ છે જરાં, શરીરમાં અશક્તિ નથી. ડૉકટરોને આમ જ કહ્યું, ડૉકટરે પણ કહ્યું કે તમારે ટેસ્ટ નેગેટીવ જ આવશે પણ આપણે ટેસ્ટ કરાવી લીધા. રાત્રે રિપોર્ટ આવ્યા, તેમાંય ટેસ્ટ પોઝીટીવ જ છે. ડાહ્યાલાલ હજુ માનવામાં નથી આવતું કે હું કોરોના પોઝીટીવ છું, પણ ભાઈ આપણે લેબોરેટરીના રિપોર્ટનું તો માન રાખવું જોઈએ એટલે રિપોર્ટને માથે લગાવ્યો. ડાહ્યાલાલથી રહેવાયું નહીં તેમણે ગાંડાલાલને કહ્યું, ગાંડાલાલ ભાઈ તમે ડૉકટરની દવા લીધી? હા, ડાહ્યાલાલ, સરકારમાંથી જે દવા ઘરે આપીને આવી ગયા એ લીધી. ઘર આગળ એક લાલ કાગળ લગાવી ગયા. પણ મારો અનુભવ એવો છે કે કોરોનાથી કંઈ ગભરાવાની જરૂર નથી. થોડા સાવચેત થવાની જરૂર છે.

- હાં ગાંડાલાલ એ બધી વાતો હું રોજ કહું છું, પણ મારા ગરીબનું કોણ સાંભળે. કોરોના એક વાયરલનો ચેપ છે. વાઈરસનો ચેપ, તેમાં તાવ આવે, અશક્તિ લાગે બસ, બાકી જો તમને ડાયાબીટીસ ન હોય, બીપી ન હોય તો ચિંતા કરવાની જરૂર નથી.

- કોરોના કરતા, કોરોનાનો ભય વધારે ખરાબ છે. ગાંડાલાલના કહેવા પ્રમાણે ઘરની બહાર લાલ બોર્ડ, લગાવાથી શું થાય છે એ ખબર છે. કોઈ ઘરમાં કામ કરવા, કોઈ રસોઈ બનાવવા, આજુબાજુવાળા પાડોશી જે કાલ સુધી અડધા અથવા આખા પડોશી એટલે ઘરનાં સ્વજન જેવા હતા તે બધા જ એક લાલ બોર્ડને લીધે તમારા દુશ્મન બની ગયા, જાણે કોઈ આપણું નથી, બધા એટલી બધી ખરાબ રીતે આપણી અને આપણા ઘરની સામે નજર નાખે છે.

-જે મિત્રોની સાથે રોજ સવારે ચા પીતા હોય તેવા બધા મિત્રો તમારાથી ગભરાઈ જાય છે.

- ગાંડાભાઈ આ બધા જ તમારી પૂરતું નોલેજ ન હોવા આવું કરે છે. સાહેબ હું તમને વાત કરું, અમદાવાદમાં ડૉકટર અતુલ પટેલ અને ડૉ. કલન પટેલ, જે ચેપી રોગના ડૉકટર છે જે લોક દર્દીને ખુલ્લા હોય, દર્દીને બરાબર તપાસે છે. ખુલ્લા દિલે વાતો કરે છે. દર્દીને સાંભળે છે. તપાસે છે પછી દવા લખે છે. જયારે નાના ગામડાંમાં ડૉકટરોય દર્દીને દૂર રાખે છે અને પોતે પીપીઈ કીટ પહેરે છે, તપાસવાના નહિ. બોલે એટલે ડૉકટરો આટલા બધા ગભરાયેલો સામાન્ય માણસ જતું કરે એટલે અત્યારે કોઈ સારું સમજાવનાર નથી.

- બધા જ પોતપોતાની રીતે બરાબર છે પણ હજુ કોરોનાને સમજવો બાકી છે.

યમુના તટ વ્રજ નાર જૂત, રચ્યો મનોહર રાસ

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

'ઘટ રવ વટ ફરર ઘરરર પદઘૂંઘર,
રંગ ભર સુંદર શ્યામ રમે.'
- બ્રહ્માનંદ સ્વામી (રેણકી છંદ)

નવરાત્રીનું પર્વ એટલે શક્તિ, ભક્તિ અને આરાધનાનું પર્વ. ઉલ્લાસ અને ઉત્સાહ સાથે આસ્થા અને ભાવનાનું પર્વ. સાન-ભાન ભૂલીને રાસ-ગરબે ઘૂમીને જીવનની તમામ તકલીફો અને મુશ્કલીઓને ઘડીક વાર માટે ભૂલી જઈને ઈશ્વરની ભક્તિમાં રસતરબોળ બની જવાનું પર્વ. આ વર્ષે 'કોરોના'નામના મહિસાસુરે જયારે આખા વિશ્વને પોતાના સકંજામાં લઈ લીધું છે. ત્યારે આપણે ગુજરાતીઓએ માતાજીની આરાધના બમણા વેગે કરી છે. આપણી ભક્તિ અને શ્રદ્ધા આજે થોડા વધુ સુદઢ બન્યા છે. ઘણી બધી જગ્યાએ ગરહબા એ માત્ર નૃત્ય મહોત્સવ બની ગયેલો તેવા આ સમયમાં આપણે આપણી મૂળભૂત આજથી બસો વર્ષો પૂર્વે બ્રહ્માનંદ સ્વામીએ રચેલ રેણકી છંદનો ઉપરોક્ત છંદ અને આ ઉપરાંત ચર્ચરી છંદમાં રચાયેલ :

'હરિહર અજ હેર હેર
બિકસિત સુર બેર બેર;
ફરગત ઘટ ફેર ફેર,
નટવર નાચે.'

આજથી આટલા વર્ષો પહેલાં લખાયેલા છંદો આજે પણ એટલા જ લોકપ્રિય છે અને ગવાય છે તેમ જ ઝીલાય છે ત્યારે આ રચનાનું મહત્ત્વ જાણવું જરૂરી છે. બ્રહ્માનંદ સ્વામી દ્વારા લખાયેલ આ સુંદર રચનામાં આપણે રાસલીલા, તેનો ભાવ, નૃત્ય,એની વેશભૂષા, વાદ્યો, તાલ, લય અને એ તમામની એકરૂપતામાંથી પ્રગટ થતાં અનુપમ દૃશ્યને યથાવત રીતે વર્ણવવામાં આવ્યું છે. શ્રી જયમલ્લ પરમાર 'આપણાં લોકગીતો' નામના પુસ્તકમાં નોંધે છે કે :

'સામૂહિક જીવનના સાર્વજનિક સંવેદનાવાળા રાસલીલા, રાસનૃત્યો વગેરે સાથેનો કવિઓનો સંબંધ ન રહ્યો. રાસ માટેનાં ગીતો કેટલાંક સુંદર લખાયા છે. એ પ્રવાહ મહાકવિ ન્હાનાલાલ સુધી આછો-પાતળો વહ્યા કર્યો. ત્યારબાદ રાસગીત રચનાઓ ઉછાંછળી, માદક, ઉત્તેજકનાત્મક અને છીછરી મળ્યા કરી છે, જે અતિ પ્રચલિત બની રહી છે.'

વર્ષો પૂર્વે રચાયેલ રેણકી અને ચર્ચરી છંદમાં બ્રહ્માનંદ સ્વામી દ્વારા જે રાસલીલાનું વર્ણન કરાયું છે તેને સાંભળીને કૃષ્ણ અને ગોપીઓ પણ મુગ્ધ બની જાય તેનું સર્જન કરવાં આવ્યું છે. આજે પણ જયારે આ છંદ ગરબાની રમઝટ દરમિયાન ગવાય ત્યારે જેને તેની શબ્દરચના ન પણ સમજાય તેવા લોકો પણ તેના તાલ અને નાદ વૈભવથી ડોલવા માંડો છે. આજે જયારે આ વર્ષે આપણે નવરાત્રીને તેના મૂળ સ્વરુપે પાછા સમજી શક્યા છીએ અને માણી શક્યા છીએ ત્યારે રેણકી છંદના આ પ્રાચીન દુહાને પણ જાણીએ અને સમજીએ તો નવટરના નૃત્યને, રાધાના અને ગોપીઓના આ રાસને વધુ સમજણપૂર્વક માણી શકીશું. રેણકી છંદની શરુઆત આ દુહાથી થાય છે :

'એક સમય શશી ઉદિત અતિ,
હુઓ મન અધિક હુલ્લાસ;
યમુના તટ વ્રજ નાર જૂત,
રચ્યો મનોહર રાસ.
ભર-ભર તન રાજ આભરણ,
વન તન કરણ વિહાર;
કર કર ગ્રહ નવટર કિસન,
સરસર અનુસર સાર.
છંદ રેણકી
સર સર પર સધર અમર તલ અનુસર,
કર કર વર ધર મેલ કરે;
હરિહર સુર અવર અધર અતિ મનહર,
ભર ભર અતિ ઉર હરખ ભરે.
નિરખત નર પ્રવર ગણ નિરઝર,
નિકટ મુકર શિરસ્વાર નમે;
ઘણ રવ પટ ફરર ધરર પદ ઘૂઘર,
રંગભર સુંદર શ્યામ રમે - જિય રંગ.'

- nehalgadhavi101@gmail.com

કોઈપણ મિલકતમાં છેતરાયા હોય તો તે માટે કાયદાકીય પગલાની સમજ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

જમીનના ભાવો આસમાને પહોંચતા કેટલાકે લેભાગૂ છેતરપિંડી આવરનાર ગેંગ, ભૂમારીયા ભોળા લોકોને છેતરી તેમની કિંમતી જમીન યેનકેન રીતે પોતાના નામે કરવા સક્રિય બની જાય છે. આવા સમયે છેતરપિંડીનો ભોગ બનનાર વ્યક્તિએ સૌ પ્રથમ કયા કાયદાકીય પગલા લેવા તે સમજવું જરૂરી છે.

પેઢીનામામાં બહેનોની ખોટી સહી કરી તેમના નામ નહી દર્શાવી અગરતો ખોટા પેઢીનામા બનાવી, ખોટા બાનાખત બનાવી, બોગસ વેચાણ ખતથી કે ખોટા પાવર ઓફ એટર્નીથી જમીન વેચી મારવાના બનાવો અવાર નવાર પ્રકાશીત થતા હોય છે. આવા પ્રસંગે પોલીસ ફીરયાદ કરવા શું પગલા લેવા જોઈએ તે જાણવું હાલના સંજોગોમાં અત્યંત જરૂરી છે.

જે જમીન, મકાન કે અન્ય પ્રોપર્ટી માટે ભોગ બનવા હોઈએ તે કામે, સૌપ્રથમ જે સરકારી કચેરીમાં આવા ખોટા દસ્તાવેજના ગુનેગારે સાચા તરીકે ઉપયોગ કર્યા હોય ત્યાંથી આવા દસ્તાવેજની નકલ મેળવવી અગર તા સબ રજી. કચેરી કે જ્યાં આ પ્રકારનો દસ્તાવેજ નોંધાવ્યો હોય ત્યાંથી ઈન્ડેક્ષ તથા દસ્તાવેજની નકલો મેળવી લેવા જોઈએ અને આ દસ્તાવેજ બનાવવા માટે કોણ કોણ સામેલ છે તે તમામના નામ સરનામા, આધાર કાર્ડ અથવા ઈલેક્શન કાર્ડ કાઢી નામ સરનામા મેળવી ગુનેગારોની શું ભૂમિકા છે તેની માહિતી એકઠી કરી કાયદાકીયની સલાહ લેવી જોઈએ.

જે મિલકત અંગે છેતરામણી કે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોય તેની નુકશાનની કિંમત જાણી ભોગવનાર વ્યક્તિ મારફત પ્રથમ આઈ.પી.સી. ની કલમ : ૪૨૦, ૪૦૬, ૪૬૭, ૪૬૮, ૪૭૦, ૪૭૧ મુજબ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવી જોઈએ. ત્યારબાદ આવા ફ્રોડ દસ્તાવેજ કરાશે કે પાવર ઓફ એટર્નીને સીવીલ રાહે કોર્ટમાં ચેલેન્જ કરી નલએન્ડ વોઈડ રદબાતલ કરાવવા તથા તેની અસરથી થનાર નુકશાન વળતરની દાદ ખોટું કરનાર સામે માંગવી જોઈએ.

પોલીસ ફરીયાદ કરતા પહેલા કયા સમયગાળામાં કઈ જગ્યાએ દસ્તાવેજ બનાવ્યા, કેટલા ગુનેગારોની સામેલગીરી છે, કયાં કયાં રજૂ કર્યા છે તથા ખોટા દસ્તાવેજનો સાચા તરીકે ઉપયોગ કરી પોતાના નામે જમીન મિલકત કે મકાન કરવા પ્રયત્ન કર્યા તેની વિગત જાણી ફરીયાદમાં લખવી જોઈએ. દસ્તાવેજમાં બતાવેલ અવેજ મુળ માલિકને મળેલ નથી તે સાબિત કરવું જોઈએ અને બેન્ક સ્ટેટમેન્ટ પોલીસ ફરીયાદમાં ફરીયાદીના મુકવા જોઈએ તથા આવા દસ્તાવેજના સાક્ષી બનનારને પણ આરોપી તરીકે દર્શાવવા જોઈએ.

સામાન્ય રીતે ફરીયાદ જે સ્થળે બનાવ બન્યો હોય તે સ્થળના જ્યુરીડિક્શન(હકુમત)માં પોલીસથાળામાં નોંધાવી જોઈએ. જો પોલીસ ફરીયાદ લેવાનું ટાળે કે ના લે તો વકીલ મારફતે જ્યુ.મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાંથી ક્રિ.પ્રો.કોડની કલમ : ૧૫૬(૩) અગર ૨૦૨ મુજબ ઈન્કવાયરી મેળવી પોલીસને તપાસ કરવા કોર્ટ મારફત ફરજ પાડવી જોઈએ. પોલીસ ડિપાર્ટમેન્ટ કોર્ટના આદેશ મુજબ તપાસ કરી પરવાનગી માંગે છે. અગર તો રીમાન્ડ મેળવવા માટે અરજી કરે છે તે સમયે ફરીયાદીએ વીથ પ્રોસીક્યુશન વકીલ મારફત હાજર રહી રીમાન્ડ અરજી મંજૂર કરાવવી જોઈએ તથા આરોપીના જામીન અરજ નામંજૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. હાલમાં લેન્ડ ગ્રેબીંગ એક્ટ, ૨૦૨૦ની કલમનો પણ આ ફરીયાદમાં ઉમેરો કરવો જોઈએ. પોલીસ ફરીયાદ ભાવીના કોઈપણ પોલીસ સ્ટેશનથી ૦ નંબરથી એફ.આઈ.આર. લઈ જે તે હકૂમતના પોલીસ સ્ટેશનમા તપાસ માટે મોકલી શકે છે. પરંતુ સામાન્યતઃ જે જગ્યાએ બનાવ બન્યો હોય તે તાબાના પોલીસ અધિકારીને આવી ફરીયાદ આપવી જોઈએ. તેમજ પોલીસ રેન્જના વડા ડી.એસ.પી., એસ.પી. કે પોલીસ કમિશ્નરશ્રીને આવનારની જાણ કરવી જોઈએ. જરૂર જણાય તો પોલીસ વડા લોકલ ક્રાઈમને આ ફરીયાદની તપાસ સોંપી શકે છે.

પોલીસ અધિકારીને ફરીયાદ મળે તરત જ ગુનો નોંધવાનો હોય છે, પરંતુ સામાન્ય પ્રથા મુજબ આવી ફરીયાદ અરજી સ્વરૂપમાં લઈ પોલીસ પૂરતી તપાસ કરી દસ્તાવેજ મેળવી સાક્ષીઓના અરજદારનન નિવેદન નોંધી ખરેખર ગુનો બને છે તથા આ મેટર સીવીલ સ્વરૂપની મેટર નથી તે ચકાસી આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધે છે અને પોલીસ વડાને આ ફરીયાદનો અહેવાલ મોકલે છે. આ ફરીયાદને એફ.આઈ.આર. કહે છે.

એફ.આઈ.આર.ની એક નકલ અરજદારને આપવાની રહે છે. ત્યારબાદ ફરીયાદને કાયદાનું સ્વરૂપ મળતા આગળની તપાસ પોલીસ દ્વારા ચાલે કરી ગુનેગારની ધરપકડ કરી નામ. કોર્ટમાં ૨૪ કલાકની અંદર રજુ કરી વધુ પતાસ બાકી હોય તો રીમાન્ડ મેળવવા અરજ કરી શકે છે. નહીતર કોર્ટ આરોપીને જ્યુડી. કસ્ટડીમાં મોકલે છે.

છેતરપીંડી, વિશ્વાસઘાત તથા ખોટા દસ્તાવેજમાં ગુનામાં ૭ થી ૧૦ વર્ષની સજા તથા દંડ અગર તો બંને એક સાથે થઈ શકે છે. તથા જમીન કે મિલકત ધારકને પોતાની મિલકત પરત સોંપવા નામ. કોર્ટ હુકમ કરી તેને થયેલ નુકશાન બદલ વળતર પણ અપાવી શકે છે. ૨૦૨૦ના લેન્ડ ગ્રેબીંગ માં પણ આ કાયદાની જોગવાઈ મુજબ આરોપીને સખત તથા દંડની જોગવાઈ છે પરંતુ કાયદો જાગતાને મદદ કરે તે ન્યાયે ભોગવનારે તાત્કાલીક કાયદાની મળનાર સલાહ મુજબ પગલા ભરવા જોઈએ.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
into@trivediassociates.in